દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૭ માર્ચ, ૨૦૨૬

# ફેમિલી પ્લાનિંગમાં હવે ‘ઉલ્ટી ગંગા’, વધુ સંતાનો માટે સરકારો પ્રોત્સાહન આપશે

એક સમય હતો કે જ્યારે આખા દેશમાં નસબંધી માટે સરકારી યોજનાઓ ચાલતી હતી. નસબંધી કરાવનારને સરકાર તરફથી નાણાં આપવામાં આવતાં હતા. ‘અમે બે અમારા બે’ તેવો નારો લગાડાતો હતો. લોકો ઓછા બાળકો પેદા કરે તે માટે પ્રચારાત્મક ઝુંબેશ ચાલતી હતી. ગુજરાતમાં તો બેથી વધુ બાળકો હોય તો તેઓ સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડી નહીં શકે તેવો કાયદો પણ બનાવવામાં આવ્યો હતો. અન્ય રાજ્યોમાં પણ આવા કાયદાઓ બન્યા હતા પરંતુ આશરે ત્રણેક દાયકા પહેલાની આ સ્થિતિમાં હવે 360 ડિગ્રીનો વળાંક આવ્યો છે. આગામી વર્ષોમાં ભારતમાં પણ વસતીમાં ઘટાડો શરૂ થઈ જશે.

ઘટતી વસતી હાલના તબક્કે વસ્તીવધારો અને તેના કારણે ઊભી થતી સમસ્યાઓની સરખામણીમાં એક ભવિષ્યના પડકાર તરીકે જોવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય રિપોર્ટ્સ મુજબ, ભારતની વસ્તી વર્ષ 2060ના દાયકાની શરૂઆતમાં 1.7 બિલિયન (170 કરોડ) સુધી પહોંચ્યા બાદ તેમાં ઘટાડો શરૂ થવાની શક્યતા છે. કેટલાક અંદાજો મુજબ, સદીના અંત સુધીમાં (વર્ષ 2100 સુધીમાં) ભારતની વસતી ઘટીને 100 કરોડથી 109 કરોડ જેટલી થઈ શકે છે. ભારતમાં કુલ પ્રજનન દર ઝડપથી ઘટી રહ્યો છે. જો આ દર રિપ્લેસમેન્ટ લેવલ (2.1) થી નીચે જાય, તો વસ્તી લાંબા ગાળે ઘટવા લાગે છે. આ આર્થિક અને સામાજિક સંતુલન માટે ચિંતાનો વિષય બની શકે છે. વસતી ઘટાડાની આ ભવિષ્યની ચિંતાજનક સ્થિતિને ધ્યાને લઈને હવે સરકારો દ્વારા સંતાનોના મામલે કુણું વલણ અપનાવવાની સાથે પ્રોત્સાહક જાહેરાતો કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. જે રાજસ્થાનમાં બેથી વધુ બાળકો ધરાવનારને સ્થાનિક સ્વરાજની ચૂંટણીથી દૂર રાખવામાં આવતા હતા તે રાજસ્થાનમાં હવે બેથી વધુ બાળકો હશે તો પણ ચૂંટણી લડી શકશે તેવો કાયદામાં સુધારો કરાઈ રહ્યો છે. આજ સ્થિતિ આંધ્રપ્રદેશમાં પણ છે. આંધ્ર પ્રદેશમાં વસ્તીના આંકડા ચિંતાજનક સ્તરે પહોંચ્યા છે. વર્ષ 1993માં રાજ્યનો પ્રજનન દર 3 ટકા હતો, જે હવે ઘટીને માત્ર 1.5 ટકા રહી ગયો છે. જો હાલનો ટ્રેન્ડ ચાલુ રહ્યો, તો 2047 સુધીમાં રાજ્યમાં વૃદ્ધોની વસ્તી 23 ટકા સુધી પહોંચી શકે છે. જો પરિસ્થિતિ આવી જ ચાલુ રહેશે તો આંધ્ર પ્રદેશને પણ જાપાન, દક્ષિણ કોરિયા અને ઈટાલીની જેમ ઝડપથી વધતી વૃદ્ધ વસ્તીની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. આંધ્રપ્રદેશમાં ઘટતી જતી યુવા વસ્તી અને પ્રજનન દરને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની સરકાર એક ‘બેબી પોલિસી’ લાવી રહી છે. આ પોલિસી હેઠળ બીજું કે ત્રીજું બાળક પેદા કરનાર પરિવારોને સરકાર આર્થિક પ્રોત્સાહન અને અન્ય સુવિધાઓ આપશે. માર્ચ 2026ના અંત સુધીમાં આ પોલિસીને અંતિમ ઓપ આપી પહેલી એપ્રિલથી તેનો અમલ કરવાનું લક્ષ્ય રખાયું છે. ડ્રાફ્ટ મુજબ મળવાપાત્ર લાભો અનુસાર, ત્રીજા બાળકના જન્મ પર પરિવારને 25,000 રૂપિયાની તાત્કાલિક નાણાકીય સહાય મળશે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી દર મહિને 1,000 રૂપિયા સીધા ખાતામાં જમા કરવામાં આવશે. ત્રીજું બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધી તેના સંપૂર્ણ શિક્ષણનો ખર્ચ સરકાર ભોગવશે. માતાને 12 મહિનાની પ્રસૂતિ રજા અને પિતાને 2 મહિનાની પિતૃત્વ રજા આપવાની જાહેરાત કરાઈ છે. આંધ્રપ્રદેશમાં હાલ દર વર્ષે અંદાજે 6.70 લાખ બાળકો જન્મે છે, જેને વધારવા માટે આ પ્રોત્સાહક યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. નોંધનીય છે કે, આંધ્ર પ્રદેશ ભારતનું એવું પ્રથમ રાજ્ય બની શકે છે જે રાષ્ટ્રીય પોલિસીથી વિપરીત વસ્તી વધારવા માટે પ્રોત્સાહન આપી રહ્યું હોય. આંધ્રપ્રદેશની આ સ્થિતિ હજુ શરૂઆત છે. આગામી દિવસોમાં અન્ય રાજ્યોમાં પણ સરકારોએ આવી યોજનાઓ લાવવી પડશે. જો સરકારો નહીં જાગે તો ભવિષ્યમાં ભારત પણ જાપાનની જેમ વૃદ્ધોનો દેશ બની જશે તે નક્કી છે.

# બિહાર પણ ભાજપે કબજે કર્યું, નીતિશયુગનો અંત

બિહારમાં આખરે જે બનવાનું હતું એ બન્યું છે. છેલ્લે ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ બેઠકો મળેલી છતાં વચન આપેલું એટલે નીતિશ ફરી મુખ્યમંત્રી બન્યા પણ એ કેટલો સમય? એવો પ્રશ્ન તો ત્યારથી જ પૂછાતો હતો. હવે એનો જવાબ મળ્યો છે. નીતિશે રાજ્યસભા માટે ફોર્મ ભર્યું છે. ભાજપે એમને આ માટે ફરજ પાડી છે એમ કહી શકાય અને આ સાથે જ નીતિશની બે દાયકાની સફર પૂરી થઈ છે. બિહારમાં નીતિશયુગનો અંત આવ્યો છે.

એક જવાબ તો મળ્યો છે પણ સાથે નવા સવાલો પેદા થયા છે. નવા મુખ્યમંત્રી કોણ? અને નવી સરકાર રચાઈ તો ભાજપ અને જેડીયુનાં કેટલા મંત્રીઓ હશે? ઘણાં રાજ્યોમાં કલ્પનામાં ના હોય એવું નામ પસંદ થયું છે. ભાજપ આવા ચોંકાવનારા નિર્ણય માટે જાણીતો છે. આ વેળા એવું બનશે? એક વાત નિશ્ચિત છે કે, નીતિશ પુત્ર નિશાંત ડેપ્યુટી સી.એમ. બનશે. આ સિવાય ક્યા પક્ષને કેટલું મહત્ત્વ મળે છે એ જોવાનું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, નીતિશના જવાથી જેડીયુને કેટલું નુકસાન થશે?

કારણ કે, ભાજપ જેડીયુનાં ખભે બેસી મોટો બન્યો છે. ‘નાના ભાઈ’માંથી ‘સીનિયર પાર્ટનર’ સુધીની સફર રહી છે. ૧૯૯૦ના દાયકામાં લાલુપ્રસાદ યાદવ વિરુદ્ધ નીતિશકુમારે મોરચો માંડ્યો ત્યારે ભાજપ તેમની સાથે જોડાયું. ૨૦૦૫માં જ્યારે પ્રથમ વાર એનડીએ સરકાર બની ત્યારે જેડીયુએ ૮૮ અને ભાજપે ૫૫ બેઠકો જીતી હતી. અહીં નીતિશ કુમાર સ્પષ્ટપણે ‘સીનિયર પાર્ટનર’ હતા. જેડીયુને ૧૧૫ બેઠકો મળી જ્યારે ભાજપને ૯૧. બેઠકોની વહેંચણીમાં પણ જેડીયુનો હાથ ઉપર રહ્યો હતો. પછી ટર્નિંગ પોઈન્ટ આવે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એકલા હાથે શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે જેડીયુ માત્ર ૨ બેઠકો પર સમેટાઈ ગયું. આ પ્રથમ સંકેત હતો કે ભાજપનો જનાધાર હવે સ્વતંત્ર રીતે વધી ગયો છે. ૨૦૧૫માં નીતિશકુમાર લાલુ યાદવ સાથે ગયા, પરંતુ ભાજપે એકલા લડીને પણ ૨૪.૪% વોટ શેર મેળવ્યો, જે કોઈ પણ એક પક્ષ માટે સૌથી વધુ હતો. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં સમીકરણો સંપૂર્ણ બદલાયાં. ભાજપને ૭૪ બેઠકો મળી અને જેડીયુને માત્ર ૪૩. પ્રથમ વાર એનડીએમાં ભાજપ બેઠકોની સંખ્યામાં જેડીયુથી ઘણું આગળ નીકળી ગયું. ૨૦૨૫ની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો અને જેડીયુ ૮૫ બેઠકો પર રહ્યું.

હવે જ્યારે નીતિશકુમાર રાજ્યસભામાં જઈ રહ્યા છે, ત્યારે આ ટાઈમલાઈન સ્પષ્ટ કરે છે કે બિહારમાં ભાજપ હવે માત્ર ટેકો આપનાર પક્ષ નથી, પરંતુ સત્તાની ધરી સંભાળનાર મુખ્ય પક્ષ બની ગયો છે. બિહારમાં હવે ‘નીતિશ મોડેલ’ ને બદલે ‘ભાજપ મોડેલ’નો રસ્તો સાફ થયો છે.

**કોર્ટના ચુકાદા બાદ ‘આપ’ને કેટલો ફાયદો?**

શરાબ નીતિમાં કોર્ટના ચુકાદા બાદ ‘આપ’ નેતાઓ ફોર્મમાં આવી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી અરવિંદ કેજરીવાલ જાણે રાષ્ટ્રીય તખ્તાથી સાવ દૂર થઈ ગયા હતા. દિલ્હીમાં હાર થયા બાદ આપનું મનોબળ તૂટ્યું હતું, પણ કોર્ટે જે ચુકાદો આપ્યો એ આપ માટે પુનર્જન્મથી ઓછું કંઈ નથી.

પક્ષ માટે આ સૌથી મોટો નૈતિક વિજય છે. કેજરીવાલે હંમેશા પોતાની રાજનીતિ ‘ઈમાનદારી’ પર ટકાવી છે. કોર્ટે જ્યારે એમ કહ્યું કે “ષડયંત્રના કોઈ પુરાવા નથી,” આ ચુકાદા પછી કેજરીવાલ ફરી એક વાર વિપક્ષી ગઠબંધનમાં મજબૂત નેતા તરીકે ઉભરશે. છેલ્લાં બે વર્ષથી પક્ષ રક્ષણાત્મક સ્થિતિમાં હતો. ટોચના નેતાઓ જેલમાં હોવાથી સંગઠન નબળું પડ્યું હતું. હવે આ ‘ક્લીન ચીટ’ મળ્યા પછી કાર્યકરો વધુ આક્રમક રીતે ભાજપ અને કેન્દ્ર સરકાર સામે મેદાનમાં ઊતરી શકશે. ઉપરાંત કોર્ટે તપાસની રીત અને પુરાવાઓના અભાવ અંગે સીબીઆઈની ઝાટકણી કાઢી છે. આપ આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવશે કે કેન્દ્ર સરકાર તપાસ એજન્સીઓનો ઉપયોગ વિપક્ષને ખતમ કરવા માટે કરે છે. આનાથી ભાજપવિરોધી લહેરમાં વધારો થઈ શકે છે. જો કે સીબીઆઈએ આ ચુકાદાને હાઈકોર્ટમાં પડકારવાની તૈયારી કરી છે, પરંતુ ટ્રાયલ કોર્ટનો આ વિગતવાર ચુકાદો આપ માટે ‘સંજીવની’ સમાન છે. તે પક્ષને રાજકીય મુખ્ય ધારામાં ફરીથી મજબૂતીથી સ્થાપિત કરશે અને એનો પહેલો ફાયદો ગુજરાતમાં થઈ શકે છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી માટે આ ચુકાદો એક મોટું ‘પોલિટિકલ બૂસ્ટર’ સાબિત થઈ શકે છે. ગુજરાત ભાજપનો ગઢ છે અને આપ ત્યાં પોતાને મુખ્ય પડકારકર્તા તરીકે સ્થાપિત કરવા મથામણ કરી રહી છે. આ ચુકાદાથી ગુજરાતમાં નીચે મુજબના ફાયદા થઈ શકે છે:

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**એક જવાબ તો મળ્યો છે, પણ સાથે નવા સવાલો પેદા થયા છે. નવા મુખ્યમંત્રી કોણ?**

ગુજરાત ઉપરાંત પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર પહેલેથી જ છે, પરંતુ અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની મુક્તિ પક્ષ માટે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં એક મોટું શસ્ત્ર સાબિત થશે. પંજાબમાં વિરોધ પક્ષો (કોંગ્રેસ અને અકાલી દળ) સતત આરોપ લગાવતા હતા કે દિલ્હીમાં ભ્રષ્ટાચાર કરનારા લોકો પંજાબ સરકાર ચલાવે છે. કોર્ટના આ ચુકાદાથી વિપક્ષોનો આ મુદ્દો હવે ખતમ થઈ ગયો છે. ભગવંત માન સરકાર હવે વધુ આત્મવિશ્વાસ સાથે કહી શકશે કે અમારી પાર્ટી ‘કટ્ટર ઈમાનદાર’ છે. ૨૦૨૬નું વર્ષ રાજકીય રીતે ઘણું વ્યસ્ત છે, કારણ કે ભારતનાં ૫ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની કોર્ટમાંથી મુક્તિ (Discharge) આમ આદમી પાર્ટી (AAP) માટે આ ચૂંટણીઓમાં ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. એટલું જ નહિ, આ વર્ષે કેટલાંક રાજ્યોમાં ચૂંટણી થવાની છે. તામિલનાડુ કે પછી કેરળ અને બંગાળમાં પણ આપ મેદાનમાં ઊતરશે. કેજરીવાલ હવે વધુ આક્રમક રીતે ‘મોદી વિરુદ્ધ કેજરીવાલ’ ની લડાઈને રાષ્ટ્રીય સ્તરે લઈ જશે. પણ સવાલ એ છે કે, આપે અત્યાર સુધી કોંગ્રેસને નુકસાન પહોંચાડ્યું છે, શું તે બદલાયેલી સ્થિતિમાં ભાજપની વોટ બેન્કમાં ગાબડું પાડી શકશે?

**તામીલનાડુમાં ધડાકો, પનીરસેલ્વમ ડીએમકેમાં**

ઓ. પનીરસેલ્વમ જે ઓપીએસ તરીકે જાણીતા છે તેમનું ડીએમકેમાં જોડાવું એ તમિલનાડુના રાજકારણમાં એક ‘ભૂકંપ’ સમાન ઘટના છે. જયલલિતાના સૌથી વિશ્વાસુ ગણાતા અને ત્રણ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નેતા જ્યારે વિરોધી છાવણીમાં જાય, ત્યારે તેનાથી મોટા ફેરફારો આવવા સ્વાભાવિક છે. ઓ. પનીરસેલ્વમ પ્રભાવશાળી મુક્કુલાથોર સમુદાયના મોટા નેતા છે. દક્ષિણ તમિલનાડુ (થેની, મદુરાઈ, રામનાથપુરમ) માં આ સમુદાયનો મોટો પ્રભાવ છે. એ રીતે ડીએમકેને ફાયદો થઈ શકે. OPS ની સાથે તેમના પુત્ર અને સેંકડો સમર્થકો પણ ડીએમકેમાં જોડાયા છે, જે અન્નાડીએમકેના પાયાના સંગઠનને નબળું પાડશે અને વિપક્ષ એવો પ્રચાર કરી શકશે કે ઈપીએસની ‘સરમુખત્યારશાહી’ ને કારણે પક્ષના દિગ્ગજ નેતાઓ તેને છોડી રહ્યા છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ઓપીએસને “માતૃ સંસ્થામાં વાપસી” કહીને આવકાર્યા છે. વળી, અભિનેતા વિજયની પાર્ટી ટીવીકેના પ્રવેશથી ચૂંટણી ત્રિપાંખિયો જંગ બનવા જઈ રહી હતી, પણ ઓપીએસના આવવાથી ડીએમકેએ પોતાનો કિલ્લો વધુ મજબૂત કરી લીધો છે. જો કે, વી.કે. શશિકલાએ આ નિર્ણયને “કમનસીબ” ગણાવ્યો છે અને ભાજપે તેને “અકૃતજ્ઞતા” કહી છે, પણ જમીની હકીકત એ છે કે ૨૦૨૬ની લડાઈમાં સ્ટાલિને એક મોટું પત્તું ખેલ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મા કે સાસુમા



સવારે દસ વાગ્યા સુધી સૂતી રહેનાર રિયા આજે છ વાગ્યે ઊઠી ગઈ. ચા બનાવી ફૂલ છોડને પાણી પાયું. દરવાજા પાસે પડેલું છાપું અને ચા દાદાને આપ્યાં. પપ્પાને મોર્નિંગ માટે ઉઠાડ્યા. ઘરમાં રિયાનું આ નવું સ્વરૂપ જોઈને બધાને નવાઈ લાગી. બધા આશ્ચર્ય સાથે તેને કામ કરતી જોઈ રહ્યાં. થોડા વખત પછી ન રહેવાયું એટલે ભાઈએ પૂછ્યું, ‘‘રિયા, આ બધું શું છે?’’ માસૂમ રિયાએ કહ્યું, ‘‘ છ મહિના પછી સાસરે જવાનું છે તો ત્યાં આ બધું મારે કરવું પડશે ને ત્યાં કોણ હશે મને જગાડવા માટે? મારાં કામ કરવા માટે?’’ માતા-પિતા વિચારવા લાગ્યાં. છ મહિના પછી લગ્ન નક્કી કર્યા અને આજથી જ આ ઢીંગલી જેવી દીકરીમાં આટલું બધું પરિવર્તન. ‘‘દીકરી મોટી થઈ ગઈ.’’ રાજી થવું કે દુ:ખી થવું કંઈ ન સમજાયું. છ મહિના વીતી ગયા. સાસરે બધી જવાબદારી બરાબર નિભાવી શકાય તે માટે રિયાએ બરાબર પ્રેક્ટિસ કરી હતી. લગ્ન થયાં. રિયા સાસરે આવી, સવારે જલ્દી ઊઠવા ત્રણ ત્રણ એલાર્મ મૂક્યાં પરંતુ એલાર્મ નહીં વાગે તો એ ચિંતામાં તે સૂઈ જ ન શકી. સવારે જલ્દી નાહી ધોઈ પૂજા કરી રસોઈની તૈયારી કરવાનું વિચારવા લાગી. શું બનાવવું તે બધાને ભાવે તેમ વિચારતી હતી ત્યાં સાસુમાનો અવાજ આવ્યો, ‘‘રિયા શું કામ આટલી જલ્દી ઊઠી? લગ્નની ધમાલમાં થાકી ગઈ હોઈશ. બરાબર આરામ કરી લે નહીં તો માંદી પડીશ.’’ સાસુમાની વાત સાંભળી રિયાને નવાઈ લાગી. વહેલાં ઊઠવાની પોતે કેટલી પ્રેક્ટિસ કરી હતી, ચિંતા કરી હતી અને અહીં તો વાત જ જુદી હતી.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

સાસુમાએ આગળ કહ્યું, ‘‘જો મને ખબર છે તું ખૂબ ભણેલી છે એટલે રસોઈ શીખવાનો મોકો ઓછો મળ્યો હશે, વાંધો નહીં. હું બધું શીખવાડી દઈશ. જો આજે પનીર મટરનું શાક, લચ્છા પરાઠા અને ગાજરનો હલવો બનાવું છું.’’ આ સાંભળી રિયાને વળી નવાઈ લાગી, ‘અરે આ બધું તો મારું ફેવરિટ! સાસરામાં બધાની પસંદની ચિંતા હું કરી રહી હતી તો સાસુમાએ મારી પસંદને યાદ રાખી.’’ સાસુમાએ કહ્યું, ‘‘રિયા મનમાંથી બધો ડર અને ચિંતા કાઢી નાખ. આ તારું ઘર છે. આ કોઈ પરીક્ષાકેન્દ્ર નથી જ્યાં તારે ડગલે ને પગલે નવી પરીક્ષા આપવાની હોય. તું અહીં માત્ર કામ કરવા કે બધાની જરૂરિયાતો સાચવવા માટે નથી આવી. તું અહીં મારા દીકરાની અને કુટુંબની ખુશી બનીને આવી છે અને એટલે તારી ખુશી જાળવવી એ અમારું પહેલું કર્તવ્ય છે. રિયાને સાસુ સ્વરૂપે બીજી મા મળી ગઈ.

# જમ્મુ-કાશ્મીરની ઐતિહાસિક રણજી જીત: પ્રાદેશિક વિભાજનના અંતની નવી શરૂઆત

જમ્મુ અને કાશ્મીર જેવી નાની ગણાતી ટીમે તેની પ્રથમ રણજી ટ્રોફી - જે દેશની સર્વોચ્ચ સ્થાનિક ક્રિકેટ ટુર્નામેન્ટ છે - તે જીતી લીધી છે. બંદૂકોના ગડગડાટ અને બોમ્બ વિસ્ફોટોની પૃષ્ઠભૂમિમાં અને તેનાથી પણ વધુ ગંભીર રીતે જમ્મુ અને કાશ્મીરની પ્રાદેશિક ઓળખના અલગાવવાદ વચ્ચે, તેઓ છેલ્લા કેટલાક સમયમાં બે વાર સેમી-ફાઈનલ સુધી પહોંચીને સફળતાનાં દ્વાર ખખડાવી રહ્યા હતા. પરંતુ અંતિમ સિદ્ધિ વર્ષ ૨૦૨૬માં પ્રાપ્ત થઈ.

જો આ જમ્મુ અને કાશ્મીરના રમતગમતના ક્ષેત્રમાં એક મોટું નિવેદન છે, તો વ્યાપક ભારતીય ફલક પર પણ છે જ્યાં ક્રિકેટ એ એક અલગ પ્રકારનો ધર્મ છે. આ જીત માત્ર કેન્દ્રશાસિત પ્રદેશ માટે જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે બહુપરિમાણીય છે. જે કોઈ પણ આ ઐતિહાસિક વિજયને માત્ર બંદૂકની સંસ્કૃતિમાંથી બહાર આવવા તરીકે જોઈ રહ્યા છે અથવા તેની સમીક્ષા કરી રહ્યા છે અને તેને માત્ર કાશ્મીર સાથે જોડીને ભૂલ કરી રહ્યા છે, તેઓ કાં તો અજ્ઞાન છે અથવા જમ્મુ અને કાશ્મીરની બહુસ્તરીય ઓળખની કટોકટીની જટિલતાઓથી વાકેફ નથી. હવે આ ટ્રોફી જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ એસોસિએશન (જેકેસીએ)ના કબાટમાં સ્થાન પામી છે, જે પોતે પ્રાદેશિક પક્ષપાત અને રાજકીય આધિપત્ય હેઠળના ખરાબ ઈતિહાસમાંથી પસાર થયું છે. રાજકીય નેતાઓ જેકેસીએના વડા બનવા (અથવા તેના પર કબજો કરવા) માટે ઉત્સુક હોવા છતાં, તેમણે રમતને મદદ કરવા માટે બહુ ઓછું કામ કર્યું. તે જાણે અન્ય ટીમો સામે લડતી ‘જમ્મુ વિરુદ્ધ કાશ્મીર’ની ટીમ હતી.

આ મુશ્કેલ પરિસ્થિતિનો મક્કમતાથી સામનો કરવાનું શ્રેય જમ્મુ પ્રદેશના ચિનાબ વેલીના એક સમયે દૂરના ગણાતા ભલેસા ગામના એ છોકરાને જાય છે, જેણે પોતાની ક્રિકેટની સિદ્ધિઓ અને સફળતાઓ ઉપરાંત, દેશમાં ક્રિકેટ પ્રશાસન પર નિયંત્રણ રાખતી સર્વોચ્ચ સંસ્થા બીસીસીઆઈના અધ્યક્ષ પદ સુધીની મજલ કાપી છે. તેના માટે તેમજ જે એન્ડ કે માટે આ કોઈ નાની સિદ્ધિ ન હતી. બીસીસીઆઈના વર્તમાન વડા મિથુન મનહાસે માત્ર તે સિસ્ટમમાં સુધારો કરવાનું લક્ષ્ય રાખ્યું ન હતું જેણે તેમને દિલ્હીમાં પોતાનું ક્રિકેટ ભવિષ્ય શોધવા માટે મજબૂર કર્યા હતા, પરંતુ જમ્મુ અને કાશ્મીર ચેમ્પિયન બને તે પણ સુનિશ્ચિત કર્યું હતું. તેમણે એક કરતાં વધુ રીતે ક્રિકેટનો ઈતિહાસ રચ્યો છે.

બીજા એક ચેમ્પિયનનો ઉલ્લેખ ન કરવો એ અયોગ્ય ગણાશે, જેઓ એક પૂર્વ ક્રિકેટર છે અને મનહાસની જેમ જ તત્કાલીન જેકેસીએ દ્વારા તેમની સાથે પણ અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું અને અંતે, તેઓ પણ દિલ્હી જઈને વસ્યા.

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**આ જીત જમ્મુ-કાશ્મીર અને દિલ્હીના તમામ રાજકીય પક્ષોના નેતૃત્વ માટે સીધો સંદેશ: તેમણે વિભાજનકારી વિચારસરણી છોડવી જોઈએ, સંગઠિત રહીશું તો ટકીશું અને વિભાજિત થઈશું તો હારીશું**

રણજી ટ્રોફી વિજેતા ટીમના મુખ્ય કોચ અજય શર્મા પવિત્ર ત્રિકુટા પહાડીઓમાં (વૈષ્ણોદેવી મંદિર) વસેલા પાંથલ ગામના વતની છે. મનહાસ દ્વારા તેમને આ પડકાર સ્વીકારવા માટે મનાવવામાં આવ્યા હતા, જે તેમણે શરૂઆતના ખંચકાટ અને ઈનકાર પછી સ્વીકારી લીધો હતો અને મનહાસ-શર્માની જોડીએ જે હાંસલ કર્યું તે ઈતિહાસ છે, પરંતુ તે બીસીસીઆઈના સમર્થન વિના શક્ય ન હતું. તેમની સૌથી મોટી સિદ્ધિ, જે અંતિમ વિજય તરફ દોરી ગઈ, તે બંને પ્રદેશોના ખેલાડીઓને સંકોચ દૂર કરવા, પ્રાદેશિક દુશ્મનાવટનો બોજ ઉતારી દેવા અને તેમના અંગત હિતમાં તથા જમ્મુ-કાશ્મીરના સંદર્ભમાં રમત વિશે નવેસરથી વિચારવા માટે પ્રેરિત કરવાની અને મનાવવાની હતી. આ યોજના સફળતાપૂર્વક કામ કરી ગઈ અને તેનું પરિણામ આજે સૌની સામે છે.

પ્રથમ, પ્રાદેશિક વિભાજન જમ્મુ અને કાશ્મીરમાં સ્વાર્થી રાજકીય હિતોને અનુકૂળ આવી શકે છે. તે દિલ્હીના શાસકોના શસ્ત્રાગારમાં પણ એક શક્તિશાળી હથિયાર રહ્યું છે. પરંતુ તે કોઈ પણ રીતે જમ્મુ અને કાશ્મીરનાં લોકોને અનુકૂળ નથી. પ્રાદેશિક એકતા, જે સાંપ્રદાયિક વિભાજનના તેજ રંગો પર પણ હાવી થઈ શકે છે (આ વિભાજન રોપવામાં સ્વાર્થી તત્ત્વો સમયાંતરે સફળ રહ્યા છે) તે આતંકવાદને જડમૂળથી ઉખેડવામાં પણ ચમત્કાર કરી શકે છે. રણજી ટ્રોફીની જીતે આ વાત કોઈ પણ શંકા વિના સાબિત કરી દીધી છે.

ક્રિકેટ સ્ટાર્સ આકીબ નબી, કેપ્ટન પારસ ડોગરા, અબ્દુલ સમદ, યાવર હસન, શુભમ પુંડીર, સાહિલ લોત્રા, આબિદ મુશ્તાક અને અન્ય લોકો એક એવું મિશ્રણ હતું જેઓ લગભગ દરેક જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હતા. આ કોઈ સપ્રમાણ પ્રતિનિધિત્વ ન હતું, પરંતુ તે બધા યોગ્યતાના આધારે હતા જે તેમણે ખૂબ જ સારી રીતે સાબિત કર્યું છે. બીજું, અને તેનાથી પણ વધુ મહત્ત્વનું, આ મોડેલ જમ્મુ-કાશ્મીર અને દિલ્હીના તમામ રાજકીય પક્ષોના રાજકીય નેતૃત્વ માટે સીધો સંદેશ છે. તેમણે વિભાજનકારી વિચારસરણી છોડવી જોઈએ - જે હવે મતોની શોધમાં વિભાગીય અને પેટા-વિભાગીય સ્તરે વિભાજન સુધી નીચે આવી ગઈ છે - અને સમજવું જોઈએ કે ઉજ્જવળ ભવિષ્ય એકતા અને સંવાદિતામાં રહેલું છે, પછી તે નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવાની વાત હોય (જેમ કે રણજી ટ્રોફીની જીતમાં થયું) અથવા મુશ્કેલીઓ સામે લડવાની વાત હોય જે ખાસ કરીને 5 ઓગસ્ટ, 2019ના ઘટનાક્રમ પછી પુષ્કળ પ્રમાણમાં છે.

વિભાજનકારી રાજનીતિએ દિલ્હી અને જે એન્ડ કેના કેટલાક રાજકીય નેતાઓને વ્યક્તિગત લાભ અપાવ્યો હશે, પરંતુ તેણે ભૂતપૂર્વ રાજ્ય અને તેનાં લોકોને તમામ રીતે નુકસાન પહોંચાડ્યું છે. રણજી ટ્રોફીની જીત આશાની જ્યોતને ઊંચી રાખે છે અને તમામ હિતધારકોએ, ખાસ કરીને રાજકીય નેતૃત્વે આ ક્ષણને જાળવી રાખવી જોઈએ અને આ ભાવનાને આગળ ધપાવવી જોઈએ.

મિથુન મનહાસની ટીમને તમામ શ્રેય જાય છે જેમાં મુખ્ય કોચ અજય શર્મા, સપોર્ટ સ્ટાફ અને ક્રિકેટ સ્ટાર્સનો સમાવેશ થાય છે જેઓ જમ્મુ અને કાશ્મીરના તમામ ખૂણેથી આવ્યા હતા. છેલ્લે પણ મહત્ત્વની વાત એ છે કે, તે સમજાય તેવી વાત છે કે મનહાસ બીસીસીઆઈના સીઈઓ બન્યા તે પહેલાં પણ બીસીસીઆઈના સમર્થન વિના આ શક્ય બન્યું ન હોત. ‘સંગઠિત રહીશું તો ટકીશું અને વિભાજિત થઈશું તો હારીશું’ - જમ્મુ અને કાશ્મીર માટે રણજી ટ્રોફીની જીત આ સંદેશ ભારપૂર્વક આપે છે. ચાલો આ તકને જે એન્ડ કે ના એકંદર સંદર્ભમાં ગુમાવીએ નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ‘મંગલ મસ્તી’ ઘરમાં વસંત લાવી દે છે

‘ગુજરાતમિત્ર’ની મંગળવારની પૂર્તિમાં મંગલમસ્તી કોલમ આવે છે. ખરેખર ઘરમાં બેઠાં બેઠાં રંગોની બહાર અને વસંતની ખુશી મનાવાય છે. રમેશભાઈએ વાહ! ખૂબ સરસ રજૂ કર્યું છે. હાસ્યની તો છોળો ઊડી જાય છે. ઘણાં એવાં દિવેલ પીધેલાં ડાચાં જેવાં માણસો પણ સમાજમાં છે. તેઓને વસંત શું કે વર્ષા શું? બસ નિરસતાભરી જીવનશૈલીથી જીવતાં હોય છે. તેઓ જો આ લેખ વાંચે ને તો જેમ તેમ કરીને પણ મોઢા પર લાવીને કંઈક આનંદ લઈ લે છે. તેઓને ફૂલો શું ટહુકો શું ? બસ કટુ વચનો અને નિરસતા ને સડેલા વિચારો, સડેલાં સપનાંને સાકાર કરવામાં જ વ્યસ્ત રહે છે. આવાના સંયોગથી પણ જીવન નિરસ અને બરબાદ થઈ જતું હોય છે. વાત કરે રંગોની પણ રંગોની રંગીનતાને વળી આવા માણસો ક્યાંથી સમજે? નિર્દોષના જીવન સાથે ખેલી નિર્દોષ કુદરતના રંગોને પણ રેતીના રણ જેવા બનાવી જીવનને સૂકું ભઠ્ઠ બનાવી દેવામાં માહેર હોય છે. બચાવે આવા નિર્દય - કઠોર નિરસ માણસોથી. ‘ગુજરાતમિત્ર’ના તંત્રી લેખો રાજકારણની સાથે સાથે સામાજિક વ્યાવહારિક પ્રશ્નો વિશે રજૂઆત કરી સૌને સંદેશ આપે છે. તક પ્રાપ્ત કરવાની શુભ માહિતી આપે છે. દેશપ્રેમ-સમાજ કલ્યાણના પાઠો પણ શીખવી જાય છે. મંગલમસ્તી જેવા લેખો દ્વારા વાસ્તવિકતા અને હાસ્યની છોળો ઘરમાં જ અર્પી જાય છે. ધન્યવાદ ‘ગુજરાતમિત્ર’ને.

સુરત - જયા રાણા

## ક્રિકેટપ્રેમીઓનાં દિલ જીતી લીધાં!

રવિવારની છેલ્લી સુપર એઈટ મેચમાં ભારત માટે વિકેટકીપર બેટસમેન સંજુ સેમસન આ રસાકસીભરી ટી-20 મેચમાં તારણહાર બનીને આવ્યો. વેસ્ટઈન્ડિઝના 195 રનની સામે ભારતે એની અંતિમ ઓવરના 4 બોલ બાકી રાખી સંજુ સેમસનની ઈનિંગ્સથી શાનદાર રીતે મેચ જીતી લીધી. આ હાઈ વોલ્ટેજ મેચમાં ઓપનર સંજુ સેમસને ઠંડે કલેજે લડાયક રમત બનાવીને ભારતનાં ક્રિકેટપ્રેમીઓનાં દિલ જીતી લીધાં. એના 50 બોલના 12 ચોગ્ગા અને ચાર છગ્ગાની ભવ્ય 95 રનની રમત થકી ભારતને સેમી ફાઈનલમાં વટકે સાથ પ્રવેશ મળી ગયો. આ યાદગાર મેચ ભુલાય એમ નથી. સંજુ સેમસનને સ્ટેન્ડીંગ ઓવેશન આપવામાં આવ્યું. મેચની જીતની અંતિમ ક્ષણમાં સંજુ સેમસન ભાવુક બની ઉપરવાળાનો આભાર માનીને નમન કરીને પીચ પર બેસી ગયો ત્યારે વાતાવરણ થોડુંક ગંભીર બની ગયું. ગૌતમ ગંભીર સહિત તમામ ખેલાડીઓએ એને ગળે લગાડી દીધો. હવે આ ફોર્મ જળવાઈ રહે એવી આશા રાખી શકાય. 5મી માર્ચની ઈંગ્લેન્ડ સહિત ફાઈનલ મેચ સુધી ભારતના તમામ ખેલાડીના સંગઠન દેખાવની ભારત ટી-20 ચેમ્પિયન બનવાનું સપનું જરૂર સાકાર કરી શકો.

સુરત - જગદીશ પાનવાલા

## દાનનો મહિમા

દાન એટલે આપવું અને દાની એટલે આપનાર. દાન આપવું એ ઘણી સારી પ્રવૃત્તિ ગણી શકાય, કારણકે એના વડે બીજાને મદદરૂપ થવાની ભાવના કેળવાય છે પણ આજે તો ઘણી વાર દાન કરતી વખતે ફોટોગ્રાફર ફરજિયાત હાજર હોય એવું માનનાર વ્યક્તિને ફોટા વગર કરેલું દાન વ્યર્થ લાગે છે. દાન આપતી વખતે ફોટા પડે અને એ ફોટા વાયરલ થઈ લોકો સુધી પહોંચે ત્યાર બાદ દાન આપનારના ભારોભાર વખાણ થાય ત્યારે દાન કરેલું સાર્થક ગણાય એવું દાન દેનાર વ્યક્તિ માનતી હોય છે. સેવા કરતી વખતે પણ પ્રશંસા મળે તો જ સંતોષ થાય. નહીંતર વ્યક્તિનું મન કચવાયા વગર રહેતું નથી. આમ દાન આપવા પાછળ કરુણાનો કે સેવાનો નહીં પણ વખાણનો મોહ હોય છે.

સુરત - શીલા સુભાષ ભટ્ટ

## વિશ્વ મહિલાદિનની સાર્થકતા ક્યારે થાય?

8મી માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે, મહિલાઓની અતિ પ્રશંસા થશે! માતા, પત્ની, બહેન વિ. મહિલાઓનાં કાર્યોની પ્રશસ્તિ થશે. એક દિવસ નારીનું સન્માન અને 364 દિવસ નારી પરના અત્યાચારના સમાચાર! લગભગ રોજ જ અખબારી આલમ દ્વારા સમાચાર જાણવા મળે કે યુવતીને પ્રેમજાળમાં ફસાવી, તાંત્રિકે ગેરલાભ લીધો, સગીરા પર કે બાળકી પર દુષ્કર્મ થયું, સોશ્યલ મીડિયા પર દોસ્તી કરી નાણાંની ઉચાપત કરી, પુત્રવધૂને માનસિક ત્રાસ આપવામાં આવ્યો અને એણે આત્મહત્યા કરી, વિદ્યાર્થિનીનું શોષણ વિ. અનેક મહિલાઓ માટેના અનિચ્છનીય સમાચાર જાણવા મળે! આ સમગ્ર અત્યાચાર દૂર થાય અને મહિલા નિર્ભય બની સમાજમાં રહી શકે ત્યારે મહિલા દિન સાર્થક થયો કહેવાય. મહિલાઓને થતો અન્યાય સંદતર દૂર થાય, પુરુષપ્રધાન સમાજમાં એને સમકક્ષ ગણી આદર અર્પણ થાય ત્યારે સાચો મહિલા દિન મનાવી શકાય. વર્તમાન સમયમાં અર્પણ કરી સ્વયંનું સ્થાન મજબૂત કરી રહી છે. પરંતુ કદાચિત ભારત દેશના અંતરિયાળ ગામડાંઓમાં હજુ પણ મહિલાઓનું શોષણ થતું રહે છે જે દૂર થવું જ જોઈએ. જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ વસે છે.

સુરત - નેહા શાહ

## મોબાઈલની લત: પરિવારમાં વધતી ખામોશી

રાત્રિભોજનનો સમય એવો હોય છે જ્યારે આખું પરિવાર એક સાથે બેસે છે. પરંતુ આજકાલ ઘણા ઘરોમાં આ સમય મોબાઇલ અને ટીવીને કારણે શાંતિભર્યો બની રહ્યો છે. લોકો સાથે બેસીને ભોજન તો કરે છે, પરંતુ કોઈનું ધ્યાન ટીવી પર હોય છે તો કોઈ ઝડપથી ભોજન પૂરું કરીને મોબાઇલમાં વ્યસ્ત થઈ જાય છે. આવી સ્થિતિમાં પરિવારના સભ્યો એક જ જગ્યાએ હોવા છતાં એકબીજા સાથે વાતચીત ખૂબ ઓછી કરે છે. આનો અસર ધીમે ધીમે પરિવારના સંબંધો પર પડે છે અને બાળકો પણ મોટા લોકોને જોઈને એ જ આદત અપનાવવા લાગે છે. એટલા માટે જરૂરી છે કે ઓછામાં ઓછું ભોજનના સમયે મોબાઇલ અને ટીવીથી થોડું અંતર રાખવામાં આવે અને પરિવાર સાથે થોડો સમય વાતચીતમાં પસાર કરવામાં આવે. ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે, પરંતુ પરિવાર સાથે પસાર કરેલો સમય તેની કરતા ઘણો વધુ કિંમતી છે.

સુરત - પવનકુમાર ડી વિશ્વકર્મા

## યુધ્ધ એ સમસ્યાનું નિરાકરણ તો નથી જ

છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન-અમેરિકા વચ્ચે ભીષણ યુધ્ધ ચાલી રહ્યું છે જેમાં બંને દેશનાં નિર્દોષ હજારો વ્યક્તિઓનો ભોગ લેવાયો છે અને વધુ ભયાનક યુધ્ધ આગળ વધ્યું તો હજારો નાગરિકો જીવ ગુમાવશે. મહાભારતમાં ભગવાન કૃષ્ણે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે ‘‘શાંતિનો કોઈ જ વિકલ્પ નથી.’ આ યોગે વિશ્વની શાંતિ માટે અન્ય કોઈ ન્યુટલ દેશે આ બે દેશો વચ્ચે મધ્યસ્થી કરી શાંતિમંત્રણા કરાવવી જરૂરી બની છે. નહીં તો જો આ યુધ્ધ આગેકૂચ કરશે તો તે જવાળાઓ સમગ્ર વિશ્વના દેશોના અર્થતંત્ર પર વિપરીત અને નુકસાનકારક અસર કરશે. આ અંગે વિશ્વની શાંતિને કેન્દ્રમાં રાખીને અન્ય દેશોએ આ યુધ્ધને પૂર્ણવિરામ મુકાય તેવા સંનિષ્ઠ અને અસરકારક પ્રયત્નો કરવા જરૂરી બન્યા છે.

સુરત - રાજુ રાવલ

## માતા-પિતાની સેવા જ મોટામાં મોટો ધર્મ!

સમગ્ર ભારતનાં પ્રત્યેક માતા-પિતા પોતાને ત્યાં પુત્ર સંતાન અવતરે એવું ઈચ્છતાં હોય છે. જો વૃદ્ધાવસ્થામાં વૃદ્ધાશ્રમમાં રહેવાની અને વિશિષ્ટ સંજોગમાં ટિફીન જમવાની તૈયારી રાખી 7 પુત્રી પછી પણ 8મો પુત્ર અવતરે જેવા અસંખ્ય દાખલા છે. વૃદ્ધાશ્રમમાં જઈ પ્રત્યેક વૃદ્ધને પૂછી શકો છો કે તમને સંતાન નથી: તો પ્રત્યુત્તરમાં જણાવશે કે મેં મારી જિંદગીની કમાઈથી એને તબીબ બનાવેલ, વકીલ બનાવેલ જ્યાં જેટલી પણ સહીની જરૂરિયાત હોય તે ભવિષ્યનો વિચાર કર્યા વિના બે ઠોકાઠોક સહી પણ કરી પરિણામ પુત્રના લગ્ન પછી પુત્રવધૂની ચઢામણીથી પુત્ર પોતે જ હમોને વૃદ્ધાશ્રમમાં મૂકી ગયેલ છે અને અહીં જિંદગીનો અંતિમ સમય પસાર કરવાનો છે. એક પણ વૃદ્ધ એવું ન જણાવશે કે મારો પુત્ર ખેત મજૂર છે. જે માતા-પિતાએ પોતે ભીનામાં સૂઈને પુત્રને સૂકામાં સુવડાવેલ છે. 25 વર્ષનો થાય ત્યાં સુધી પુત્રનો તમામ ખર્ચ ઉધાર લઈને પણ પૂર્ણ કરેલ છે. લગ્નમાં પણ પિતાએ સગવડ કરી લગ્ન વિધિ કરાવેલ છે. તે માતા-પિતાનો ઉપકાર ભૂલી જતાં લગીરેય વિચાર કરતો નથી.

સુરત - હોશંગ નાલ્લાદારૂ